## યાત્રાધામ અંબાજી ખાતે સર્જાયો ત્રિવેણી સંગમ

# સરદાર પટેલની જન્મજયંતિ પ્રસંગે આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત ગબ્બર ૫૧ શક્તિપીઠ ખાતે ‘રન ફોર યુનિટી’નો કાર્યક્રમ







પાલનપુર, તા. ૩૧

દેશની આઝાદીને ૭૫ વર્ષ પૂરા થવાના અવસરે સમગ્ર દેશમાં આઝાદી કા અમૃત મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી રહી છે ત્યારે આજે તા. ૩૧ ઓકટોબર, લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ પ્રસંગે વિશ્વ પ્રસિદ્ઘ યાત્રાધામ અંબાજી ખાતે ત્રિવેણી સંગમ સર્જાયો હતો. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણા અને માર્ગદર્શનથી અંબાજી ગબ્બર તળેટીમાં નિર્માણ પામેલ ૫૧ શક્તિપીઠ પરિક્રમા માર્ગ પર શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ સંચાલિત અંબાજી આર્ટ્સ, કોમર્સ અને બી.સી.એ. કોલેજના ૭૫ વિધાર્થીઓ એકતા દોડમાં જોડાયા હતા. આ રન ફોર યુનિટીને અંબાજી દેવસ્થાન ટ્રસ્ટના વહીવટદાર શ્રી એસ.જે.ચાવાડા અને કોલેજના આચાર્યશ્રીઓએ માતાજીની ધજા વડે એકતા દોડનો પ્રારંભ કરાવ્યો હતો. જેમાં એકથી ત્રણ નંબર મેળવનાર દોડવીરોનું શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેન અને બનાસકાંઠા કલેકટર આનંદ પટેલના હસ્તે અનુક્રમે રૂ. ૨૧,૦૦૦/- રૂ. ૧૧૦૦૦/- અને રૂ. ૫,૧૦૦/- ના ઈનામના ચેક આપી સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેન અને બનાસકાંઠા કલેકટરશ્રી આનંદ પટેલે રન ફોર યુનિટીમાં ભાગ લેનાર કોલેજના યુવાનોને સંબોધતા જણાવ્યું કે, આપણે સ્વતંત્રતાના ૭૫માં વર્ષે આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણી કરી રહ્યા છીએ ત્યારે સ્વતંત્રતા આંદોલનમાં ભાગ લેનારા તમામ નામી-અનામી શહીદ વીરોને વંદન કરી શ્રધ્ધાજંલિ અર્પણ કરું છું. તેમણે કહ્યું કે, સ્વતંત્રતા બાદ ભારતને આઝાદી મળી ત્યારે આખો દેશ વિવિધ રજવાડાઓમાં વેરાયેલો હતો તેને એક ભારત કરવાનું કામ આપણાં ગુજરાતના પનોતા પુત્ર લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલ સાહેબે કર્યું હતું. તેવી જ રીતે દેશ અને વિદેશમાં આવેલા માતાજીના ૫૧ શક્તિપીઠોના નિર્માણનું કામ પણ આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ અંબાજી ગબ્બર ખાતે કરાવ્યું હતું. દેશ અને વિદેશોમાં શ્રીલંકા, બંગલાદેશ, નેપાળ વગેરે દેશોમાં આવેલા માતાજીના શક્તિપીઠો પ્રમાણે આબેહુબ ૫૧ શક્તિપીઠોનું નિર્માણ અંબાજીમાં કરવામાં આવ્યું હતું. મનુષ?યના એક જ જન્મમાં દેશ અને વિદેશોમાં આવેલા આ શક્તિપીઠોમાં જઈ માતાજીના દર્શન કરવા એ દરેક મનુષ્ય માટે સંભવ નહોતું, તેથી મૂળ સ્થાનક જેવા જ ૫૧ શક્તિપીઠોનું અંબાજી ગબ્બર ખાતે નિર્માણ કરવામાં આવ્યું છે. કલેકટરશ્રીએ મહત્વની જાહેરાત કરતા જણાવ્યું કે, જૂનાગઢ ગિરનાર લીલી પરિક્રમાની જેમ અંબાજી ગબ્બર ખાતે આવેલ ૫૧ શક્તિપીઠ પરિક્રમા યોજવાનું અંબાજી મંદિર ટ્રસ્ટનુ આયોજન છે. જેનાથી અંબાજી દર્શને આવતા કરોડો માઈભક્તો એક જ જન્મમાં ૫૧ શક્તિપીઠના દર્શનનો લ્હાવો લઈ શકશે. તેમણે એકતા દોડમાં જોડાનાર યુવાનોને દિવાળી પર્વની શુભેચ્છાઓ પાઠવતાં જણાવ્યું કે, આ વિસ્તારના યુવાનો આર્મીમાં જોડાઈને દેશસેવા કરી શકે તેવી ફિટનેશવાળા છે. તેમના માટે સમયાંતર આવી સ્પર્ધાઓ યોજવા તેમણે જણાવ્યું હતું. આ ઉપરાંત સિનિયર સીટીઝનો માટે પણ સ્પર્ધાનું આયોજન કરવા જણાવ્યું હતું. આ પ્રસંગે અંબાજી દેવસ્થાન ટ્રસ્ટના વહીવટદાર એસ.જે.ચવાડાએ જણાવ્યું કે, આજે સરદાર સાહેબની જન્મ જયંતિ નિમિત્તે પ્રથમવાર ૫૧ શક્તિપીઠ પરિક્રમા માર્ગ પર એકતા દોડનું આયોજન કરવામાં આવ્યું છે. તેમણે કહ્યું કે, પૂજ્ય સરદાર સાહેબે દેશના જુદા જુદા રજવાડાઓને એક કરી એક ભારતનું નિર્માણ કર્યું છે. આજે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં શ્રેષ્ઠ ભારતનું નિર્માણ થઈ રહ્યું છે. તેમણે રન ફોર યુનિટીમા જોડાનારને યુવાનોને અભિનદન અને શુભકામનાઓ પાઠવી હતી.

## પાલનપુરમા ટ્રાફિકની સમસ્યાના નિરાકરણ માટે બાયપાસ રોડ બનાવવા માંગ

પાલનપુર, તા. ૩૧

ચિત્રાસણીથી કાણોદર સુધી બાયપાસ રોડ મંજુર કરવા માર્ગ મકાન મંત્રીને રજુઆત કરાઈ. પાલનપુર શહેરમાં પસાર થતા દિલ્લી અમદાવાદ અને કંડલા હાઈવે પર ભારે વાહનોની અવર જવારને લઈ દિવસ દરમ્યાન અનેકવાર ટ્રાફિક જામ અને ચક્કાજામની સ્થિતિ સર્જાઈ રહી છે તેમજ અવાર નવાર નાના મોટા અકસ્માત સર્જાઈ રહ્યા હોય આ હાઈવે પર બાયપાસ બનાવવા રાજ્ય ના માર્ગ મકાન મંત્રીને રજુઆત કરવામાં આવી છે પાલનપુર શહેરમાં પસાર થતા દિલ્લી અમદાવાદ તેંમજ કંડલા હાઈવે પસાર થઈ રહ્યો છે હાઈવે વિસ્તારમાં શેક્ષણિક સ્કૂલો અને હોસ્પિટલો આવેલી હોઈ હાઈવે પર મોટા અને ભારે વાહનો પસાર થતા હોય દિવસ દરમ્યાન અનેકવાર ટ્રાફિક જામ થતો હોય લોકોને ટ્રાફિક માં કલાકો સુધી ફસાવવું પડી રહ્યું છે તેમજ અવારનવાર નાના મોટા અકસ્માત થતા હોય શહેરના જાગૃત નાગરિક ગીરીશભાઈ જગાણિયા દ્વારા પાલનપુરમાં ટ્રાફિક સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા ચિત્રાસણી થી કાણોદર સુધી બાયપાસ રોડ બનાવવા રાજ્યના માર્ગ મકાન મંત્રી ને રૂબરૂ લેખિતમાં રજુઆત કરવામાં આવી છે.

## બનાસકાંઠામા તહેવારો ટાણે ૧૦૯ તલાટીઓની સામુહિક બદલીઓ કરાઈ

પાલનપુર,તા. ૩૧

બનાસકાંઠા જિલ્લામાં સ્થાનિક સ્વરાજની સંસ્થા એવી ગ્રામ પંચાયતો વહીવટી સરળતા માટે જિલ્લા વિકાસ અધિકારી દ્વારા એક સાથે ૧૦૯ તલાટી ક્રમ મંત્રી ઓની સાગમટે આંતરીક બદલીઓ કરવામાં આવી છે જોકે દિવાળીના તહેવારો ટાણે તલાટી ઓનો બદલીથી તલાટી આલમમા હડકંપ મચી જવા પામ્યો છે. બનાસકાંઠા જિલ્લાની વિવિધ ગ્રામ પંચાયતમા પાંચ કે તેથી વધુ સમય થી ફરજ બજાવતા ૧૦૯ તલાટીઓની વહીવટી સરળતા માટે જિલ્લા વિકાસ અધિકારીએ સાગમટે બદલીના હુકમ કર્યા છે જોકે જિલ્લા વિકાસ અધિકારી દ્વારા તલાટી ઓને બદલી માટે દશ ઓપ્સન આપવામાં આવ્યા હતા બાદમાં તલાટીઓની પસંદગીના સ્થળે બદલીઓ કરવામાં આવી છે જોકે દિવાળીના તહેવારો ટાણે તલાટી ઓનો સામુહિક અને આંતરિક બદલીઓ ને લઈ તલાટી આલમમાં ખળભળાટ મચી જવા પામ્યો છે બનાસકાંઠા જિલ્લામાં તલાટી ઓનાં ૭૩૩ ના મહેકમ સામે ૫૮૭ બેઠકો ભરાયેલી છે જ્યારે ૧૪૮ તલાટી ઓની ઘટ વર્તાઈ રહી છે જે ભરવા સરકાર માં દરખાસ્ત પણ કરવામાં આવી છે

# ભિલોડા કોટેજ હોસ્પિટલના વય નિવૃત્ત સિનિયર ફાર્માસીસ્ટનો વિદાય અને સન્માન સમારોહ યોજાયો





ભિલોડા,તા.૩૧

ભિલોડા કોટેજ હોસ્પિટલ,ભારત વિકાસ પરિષદ,ભિલોડા શાખા અને ઉદય સેવા સંસ્થાનના સંયુક્ત ઉપક્રમે ભિલોડા કોટેજ હોસ્પિટલના વય નિવૃત્ત સિ.ફાર્માસીસ્ટ સેવાભાવી જયંતીભાઈ પ્રભાભાઈ શર્મા નો વિદાય અને સન્માન સમારોહ જય ભોલેનાથ પાર્ટી પ્લોટમાં દબદબાભેર રીતે ઉત્સાહભેર યોજાયો હતો.સામુહિક ભોજન સમારંભ યોજાયો હતો. સમારંભ અધ્યક્ષ ધારાસભ્ય ડો. અનિલભાઈ જોષીયારા, કોટેજ હોસ્પિટલ અધિક્ષક ડો. હિનાબેન શાહ, ડો. દિનેશભાઈ ડામોર,ડો. નેહાબેન શેઠ, ડો. સંગીતાબેન મેકવાન, મોહસીન વિજાપુરા, હબીબભાઈ મનસુરી, કંદર્પભાઈ પટેલ કોટેજ હોસ્પિટલ સ્ટાફ પરીવાર, ભિલોડા ગ્રામ પંચાયત પુર્વ સરપંચ મનોજભાઈ પટેલ,ભિલોડા વેપારી એસોશીએશન પ્રમુખ મુકેશભાઈ ત્રિવેદી, ઉપ પ્રમુખ મુકેશભાઈ પટેલ, કમલેશભાઈ મહેતા,ભારત વિકાસ પરિષદ,ભિલોડા શાખાના પ્રમુખ રામઅવતારજી શર્મા, મંત્રી મહિપતસિંહ રાઠોડ,ઉપ પ્રમુખ વલ્કેશભાઈ પટેલ, મુકેશભાઈ પંચાલ, નરેશભાઈ પંચાલ, ભિલોડા ઉદય સેવા સંસ્થાનના સેવાભાવી જીતુભાઈ ભાટીયા (એડવોકેટ & નોટરી), હસમુખભાઈ પટેલ,રાજેશભાઈ પટેલ, રાજકીય,સામાજીક આગેવાનો કિર્તીભાઈ બારોટ, રાજેશભાઈ નિનામા, યોગેશભાઈ બુધ્ધ,મહેન્દ્રસિંહ રાઠોડ, રાજેશભાઈ ભાટીયા, પ્રકાશભાઈ પારેખ, વસંતભાઈ પટેલ, ભરતભાઈ પ્રજાપતિ સહિત સગાં-સંબંધીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## અડપોદરા ઝાલા મંદિરે સ્નેહમિલન યોજાશે

રાયગઢ તા.૩૧

હિંમતનગર તાલુકાના અડપોદરા ગામના પુરાણા ઐતિહાસિક ઝાલાજી દેવસ્થાન મંદિર ખાતે આગામી તારીખ ૫મી નવેમ્બર ૨૦૨૧ના રોજ નૂતન વર્ષના પર્વે સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના ઝાલા-મકવાણા પરીવારનો સ્નેહમિલન સમારંભ ‘જાયણીનો જુહાર‘ કાર્યક્રમ હેઠળ ક્ષત્રિય સમાજની પરંપરા મુજબ યોજવામાં આવશે. એમ ઝાલા બાવજી દેવસ્થાન ટ્રસ્ટ અડપોદરાના પ્રમુખશ્રી આલુસિંહ એચ.ઝાલાએ એક નિવેદનમાં જણાવેલ છે.

## જન્મદિને વધામણી



શરદ મનુભાઈ પટેલ
મહામંત્રી, બાયડ તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ
રડોદરા
તા. બાયડ



ડો. જીજ્ઞેશભાઈ પટેલ
શિવાલિક હોસ્પીટલ
બાયડ
જી.અરવલ્લી



જયેશ ભાઈ પી.પટેલ
ચોઈલા
તા. બાયડ



ડો. મહેન્દ્રસિંહ ચૌહાણ
પૂર્વ સાંસદ,સાબરકાંઠા
ગાંભોઇ
તા. હિંમતનગર



પિનલભાઈ પટેલ
સંચાલક, ચાણક્ય વિદ્યાલય મોડાસા
મોડાસા



ચંદ્રેશભાઈ સોની
ધનસુરા



મૌલિકભાઈ શર્મા
તાલુકા વિકાસ અધિકારી, વિજયનગર
મોડાસા



હર્ષ ભાટિયા
બાયડ

## આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત પાંચ દિવસીય ચિલ્ડ્રન પેઈન્ટિંગ વર્કશોપનું આયોજન

પાલનપુર, તા. ૩૧





રમત-ગમત અને સાંસ્કૃતિક વિભાગ, ગાંધીનગર અને ગુજરાત રાજય લલિત કલા અકાદમી, અમદાવાદ તથા જિલ્લા યુવા વિકાસ અધિકારીની કચેરી, બનાસકાંઠા દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત રાષ્ટ્રીય એકતા થીમ આધારીત પાંચ દિવસીય ચિલ્ડ્રન પેઈન્ટિંગ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. પાલનપુરની શ્રીમતી સાળવી પ્રા. શાળા ખાતે યોજાયેલ આ ચિલ્ડ્રન પેઈન્ટિંગ વર્કશોપમાં જાણિતા કલાશિક્ષક નયન ચત્રારિયા, આર્ટિસ્ટ જયેશ વાગડોદા, કલાશિક્ષક મહેશ જાદવ તજજ્ઞ તરીકે ૧૦૦ બાળ કલાકારોને સ્કેચિંગ, પોટ્રેટ પેઈન્ટિંગ, વિવિધ કલર સ્કીમ, શેડિંગ વર્ક, ટ્રેડેશનલ, પિકટોરિયલ, પોસ્ટર ડ્રોઈંગની ચિત્રકલા અંગે વિવિધ માહિતી આપી હતી. વર્કશોપના અંતિમ દિવસે ભાગ લેનાર તમામ બાળ કલાકારોને જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી પ્રિતેશભાઈ સોની, પ્રાંત યુવા વિકાસ અધિકારીશ્રી હિંમતભાઈ કાપડી, દ્રષ્ટિબેન દવેના વરદ હસ્તે પ્રમાણપત્ર અર્પણ કરવામાં આવ્યા હતાં. આ સમગ્ર કાર્યક્રમનુ આયોજન શ્રી સોળગામ લેઉવા પાટીદાર પ્રગતિ મંડળના પ્રમુખશ્રી રમેશભાઈ પટેલની પ્રેરણાથી શ્રીમતી સાળવી પ્રા. શાળાના આચાર્યશ્રી મહેશભાઈ પટેલ, ઉપઆચાર્યશ્રી રવિન્દ્રભાઈ મેણાતના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યુ હતું.

## કોરોનાની અસર : જિલ્લામાં દિવાળી માટે હોમ મેઈડ નાસ્તાની માંગ વધી

### ગૃહ ઉદ્યોગમાં તેજી આવી, એક સપ્તાહથી વધુનાં બુકીંગ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૧



કોરોનાએ ધંધા-રોજગારને અસર કરી છે અને બીજી તરફ કોરોનાથી બચવા લોકો અનિવાર્ય બાબત સિવાય બહાર જવાનું ટાળી રહ્યા છે. દિપમાલા પર્વ નજીક આવી રહ્યું છે ત્યારે દિવાળી માટે હોમ મેઈડ નાસ્તાની માંગમાં વધારો થયો છે જેના કારણે ગૃહઉદ્યોગમાં તેજી આવી છે. મઠીયાં, ચોળાફળી, શક્કરપારા, પાપડી, ગાંઠીયા સહિતની હોમ મેઈડ માંગમાં ઉછાળો આવતાં એક સપ્તાહથી વધુનાં બુકીંગ હોવાનું જાણવા મળ્યું છે. જિલ્લાના ઈતિહાસમાં સતત બીજીવાર કોરોનાના કારણે હોમ મેઈડ નાસ્તાની માંગ વધુ જોવા મળી છે. જેના કારણે આગામી દિવસોમાં ફરસાણના વેપારીઓને મોટો ઝટકો લાગી શકે છે. દિવાળીનું પર્વ નજીક આવે એટલે ઘરે મળવા માટે આવનારા સગા-સબંધીઓ અને મિત્રો માટે મીઠાઈ તેમજ ફરસાણ નાસ્તા માટે મૂકવામાં આવતું હતું. અત્યારે પણ આ પરંપરા ચાલુ છે પરંતુ આ વર્ષે કોરોનાની મહામારી વકરતાં પ્રજા મીઠાઈ, ફરસાણ ખરીદવા જશે તો કોરોનાનો ચેપ લઈને આવીશું તેવી બીક ઘર કરી ગઈ છે. કોરોનાના કારણે જે પરિવારોએ એક પખવાડીયા સુધીની મુશ્કેલી અને આર્થિક પાયમાલીનો અનુભવ કર્યો છે તે જાણ્યા પછી અનેક મહિલાઓએ પરિવારના મોભીને બજારમાંથી કોઈપણ નાસ્તો, મીઠાઈ લાવશો નહીં અમે ગૃહ ઉદ્યોગમાં જ કે પછી ઘરે જાતે જ નાસ્તા બનાવીશું અને દિવાળી પર્વ ઉજવીશું તેમ જણાવી રહ્યા છે જેના કારણે અનેક સોસાયટી વિસ્તારોમાં નાસ્તા સહિતની સામગ્રી બનાવતા ગૃહ ઉદ્યોગમાં મહિલાઓ સાધન સામગ્રી સાથે પહોંચી ભાવતા નાસ્તા બનાવવાના ઓર્ડર આપી રહ્યા છે. કોરોનાના કારણે મૃતપાય બનેલા ગૃહ ઉદ્યોગમાં તેજી જોવા મળી છે.

# ભિલોડાના કિશનગઢ ગામમાં કરીયાણાની દુકાનમાં મધ્ય રાત્રે અજાણ્યા તસ્કરો ત્રાટક્યા

ભિલોડા,તા.૩૧

ફુલ ગુલાબી ઠંડીના શુભારંભ દરમ્યાન દિવાળીના તહેવારને ટાંણે તસ્કરોની ટોળકી સક્રિય બનતા પ્રજાજનોમાં ભારે ફફડાટ ફેલાયો છે.અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના કિશનગઢ ગામમાં કરીયાણાની દુકાનમાં મધ્ય રાત્રે અજાણ્યા તસ્કરો ત્રાટક્યા હતા.લાખ્ખો રૂપિયાની માલમતાની ચોરી કરી તસ્કરો પલાયન થઈ ગયા હતા.પોલીસે ચોરીના બનાવ સંદર્ભે વધુ તપાસ હાથ ધરી છે.ગ્રામીણ વિસ્તારોમાં પ્રજાજનોમાં ભારે ફફડાટ ફેલાયો છે.પોલીસ દ્વારા નાઈટ પેટ્રોલિંગ વધારવાની તાતી જરૂરિયાત છે. કિશનગઢ ગામમાં જય અંબે કિરાણા સ્ટોર્સ નામની કરીયાણાની દુકાનનું મધ્ય રાત્રે તસ્કરોની ટોળકીએ શટરનું તાળું તોડી સામાન વેર વિખેર કરી નાખ્યો હતો. લાખો રૂપિયાની માલમતાની ચોરી



કરીને તસ્કરોની ટોળકી પલાયન થઈ ગઈ હતી.અજાણ્યા તસ્કરો કરીયાણાની દુકાનમાંથી તેલના આશરે ૪૦ ડબ્બા ચોરી ગયા છે.કરીયાણાનો માલ સામાન સહિત રોકડ રકમની અંદાજીત કિં.રૂ. ૧.૫૦ લાખ ની ચોરી પ્રકાશમાં આવતા ગ્રામ્યવિસ્તારોમાં ચકચાર મચી જવા પામી છે.એક તસ્કર બાજુમાં આવેલી દુકાનના સી.સી.ટી.વી કેમેરાના ફુટેજમાં જોવા મળ્યો છે.પોલીસને જાણ કરાતાં ઘટતી કાર્યવાહી હાથ ધરી છે.દિવાળીના તહેવાર ટાંણે ગ્રામીણ વિસ્તારોમાં પોલીસ પેટ્રોલિંગ વધારવા જાગૃત ગ્રામજનો દ્વારા માંગ પ્રવર્તતી છે.